## વડીલોને વંદન અભિનંદન


પી.જી.ઠાકર
મો.૯૪૦૯૨૮૫૬૮૯


પ્રભુદાસ અન્નમ્
મો.૯૯૭૮૯૨૫૦૫૩


હરજીવનદાસ એમ. પંચાલ
(૧૯૪૦) ફોનઃ ૨૩૨૨૨૬૮૮

# આજથી તમામ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો હડતાલ પર જશે

### એલ.આઈ.સી., બેંક વગેરે કર્મચારીઓ હડતાલમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૯

તાલ કટોરા સ્ટેડીયમ દિલ્હીમાં દેશના તમામ શ્રમ-સંગઠનોની કેન્દ્રીય નેતાગીરીએ સમગ્ર શ્રમિક જગત દ્વારા બે દિવસની રાષ્ટ્ર વ્યાપી હડતાલનું આહવાન કર્યું હતું. જે અંતર્ગત યુપીએ-૨ સરકારની પ્રજાવિરોધી, આમ આદમી વિરોધી નીતિનો વિરોધ કરવા માટે તથા કેન્દ્રીય ટ્રેડ યુનિયનોની મુખ્ય ૧૦ માંગણીઓ ઉપરાંત વીમા ક્ષેત્રના કર્મચારીઓની મુખ્ય માંગણીઓના સંદર્ભે આજે તા. ૨૦મી અને ૨૧મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ કર્મચારીઓ ડતાલ પર ઉતરશે.

તમામ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો તા. ૨૦મી અને ૨૧મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ હડતાલ પર જશે. આ હડતાલમાં દેશભરના વિવિધ વિભાગોના કામદારો કર્મચારીઓ બે દિવસ હડતાલ પર જઈ રહ્યા છે. નાણાંકીય ક્ષેત્રના સંગઠનો જેવા કે, બેંક, એલ.આઈ.સી. સામાન્ય વીમા વગેરેના કર્મચારીઓએ પણ આ હડતાલમાં ભાગ લઈ અભૂતપૂર્વ દેખાવો યોજવાના છે.

કેન્દ્રીય ટ્રેડ યુનિયનો મુખ્ય ૧૦ માંગણીઓ ઉપરાંત વીમા ક્ષેત્રના કર્મચારીઓની મુખ્ય માંગણીઓ જેવી કે નવી પેન્શન સ્કીમનો વિરોધ, બાકી રહી ગયેલા કર્મચારીઓ માટે પેન્શન યોજના, વીમા ક્ષેત્રમાં એફડીઆઈનો વધારો ન થવો જોઈએ વગેરે બાબતો પણ સામેલ કરી છે. આ હડતાલમાં દેશભરનાં વીમા ક્ષેત્રના એક લાખથી વધુ કર્મચારીઓ ભાગ લેશે. ગુજરાતનાં ૭ ડિવીઝનો તથા તમામ શાખાઓમાં હડતાલ પાડશે. અમદાવાદ, તેમજ અન્ય સ્થળોએ રેલી નીકળશે. જેમાં એલ.આઈ.સી.ના કર્મચારીઓ પોતાના બેનર સાથે ઉપસ્થિત રહી રેલીને મજબૂત બનાવશે.







### બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં પૂનઃ કોંગ્રેસનો કબજો : કોંગ્રેસે ૫૪માંથી ૨૮ સીટો મેળવી ભાજપને ૨૬ સીટો

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને જિલ્લાની તાલુકા પંચાયતોની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીના આજે પરીણામ જાહેર થયા હતા. જેમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે પૂનઃ કબજો જમાવી વિજયી પતાકા હાંસલ કરી છે. બનાસકાંઠા જિલ્લા પંચાયતની કુલ ૫૪ સીટોમાંથી કોંગ્રેસે ૨૮ સીટો પર જીત મેળવી છે જ્યારે ૨૬ સીટો પર ભાજપે જીત મેળવી છે. આમ ૨૮ સીટોની બહુમતી મેળવી કોંગ્રેસે પુનઃ જિલ્લા પંચાયત કબજે કરી છે. જોકે જિલ્લાની તાલુકા પંચાયતમાં કોંગ્રેસે પીછેહઠ કરી છે અને ભાજપે વિજય હાંસલ કર્યો છે. દાંતીવાડામાં ભાજપ-કોંગ્રેસને ૭-૭ બેઠકો મળી છે. જ્યારે એક સીટ અપક્ષ ઉમેદવાર વિજેતા થતા અપક્ષ ઉમેદવાર હુકમનો પત્તો બની રહેશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### પુલ નીચેથી વૃદ્ધાનો ૧૦ દિવસથી પડેલો મૃતદેહ મળતા ચકચાર

શહેરના સેક્ટર-૩૦ સર્કલ નજીકથી પસાર થતી સાબરમતી નદીના પુલ નીચેથી આજે અજાણી આશરે ૬૦ વર્ષિય વૃદ્ધાનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મૃતદેહ અંદાજે દસેક દિવસથી પડ્યો હોય અને કોઈનું ધ્યાન ગયું ન હોય તેવી સ્થિતિમાં પડ્યો હતો. પશુ પક્ષીઓએ મૃતદેહને કોતરી ખાધુ છે. વૃદ્ધાની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પરંતુ ભુખમરાથી તેણીનું મૃત્યુ થયુ હોય અને મૃતદેહ પર કોઈનું ધ્યાન પડ્યું ન હોય તેવી આશંકા સે. ૨૧ પોલીસે વ્યક્ત કરી મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતના ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે હવે ઉચ્ચક ફી લેવાશે

### અનિયમિત બાંધકામને રેગ્યુલર કરવા માટેની અરજી કરવાની મુદતમાં ૬ મહિનાનો વધારો કરાયો : રહેણાંક માટે રૂપિયા ૨૦૦૦થી ૧૨૦૦૦ની ઉચ્ચક ફી જ લેવાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં અનિયમિત બાંધકામોને નિયમિત કરવા માટે રાજ્ય સરકારે વિધાનસભામાં બિલ રજુ કરી કાયદો ઘડીને ઈમ્પેક્ટ ફીના દર નક્કી કર્યા હતા. અને તેની બે - ત્રણ વાર મુદત પણ વધારવામાં આવી હતી. પણ સરકારની આ યોજનાને તદ્દન નબળો પ્રતિસાદ મળ્યો હતો. તેમજ ઈમ્પેક્ટ ફીના ઉંચા દર સામે સરકારને રજુઆતો પણ મળી હતી. આથી રાજ્યના મહેસુલ વિભાગે અનિયમિત બાંધકામને નિયમબદ્ધ કરવા માટે અરજી કરવાની સમય મર્યાદામાં વધુ ૬ મહિનાનો વધારો કરી ગેરકાયદે બાંધકામોને રેગ્યુલર કરવા માટે જંત્રીના દર ધ્યાને લીધા વગર ઉચ્ચક દરે વસુલાત કરવાનો આજે મહત્વનો નિર્ણય લીધો છે.

શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં લાગુ કરવામાં આવેલા ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૧૧ને મધ્યમ અને ગરીબ વર્ગના મકાન માલિકો માટે વધુ લાભદાયી અને સરળ બનાવવા માટે મળેલ રજૂઆતને ધ્યાનમાં લઈ, મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાકલ્યાણકારી અભિગમ દાખવીને સમયમર્યાદા લંબાવવા, ફીના ધોરણો પુનઃ ઘટાડી નિયમબદ્ધ કરવાની પ્રક્રિયામાં વધુ સરળ કરવાની નીતિ વિષયક મંજુરી આપી છે.રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી થયેલ અનિયમિત બાંધકામોને નિયમિત કરી લાખો નાગરિકોને મદદરૂપ થવાનો હિંમતભર્યો કાયદો ગુજરાત સરકારે બનાવ્યો છે. અને તેને લાગુ કરવા માટે ફીના ધોરણો અને નિયમો પ્રસિદ્ધ કર્યા છે. આ ફીના ધોરણો ઘટાડવા અને પ્રક્રિયાને વધુ સરળ કરવા માટે રાજ્ય સરકારને રજૂઆતો મળી હતી તેને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર દ્વારા અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવા માટેની અરજી કરવાની સમયમર્યાદા વધુ છ માસ એટલે કે તા. ૧૯.૮.૧૩ સુધી લંબાવેલ છે.

મધ્યમવર્ગ અને ગરીબ પ્રજાજનો આ કાયદાનો મહત્તમ લાભ લઈ શકે તે માટે રાજ્ય સરકારે અગાઉ અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવા માટે વખતોવખત તા. ૧૮.૨.૧૨, તા. ૪.૬.૧૨ અને તા. ૧૭.૮.૧૨ના જાહેરનામામાં સુચવાયેલ ફી ધોરણોમાં વધુ સરળ અભિગમ દાખવી અને તમામ પ્રકારના કિસ્સામાં બાંધકામોને નિયમિત કરવાની ફીના ઉચ્ચક દરે વસુલાત કરવા માટે આજરોજ જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

રાજયના મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, અનિયમિત બાંધકામોને નિયમિત કરવા માટે ઈમ્પેક્ટ ફીના નવા દર જે નક્કી કરવામાં આવ્યા છે એમાં રહેણાંક દર જે નક્કી કરવામાં આવ્યા છે એમાં રહેણાંક માટે ૫૦ ચો.મી. સુધીના ગ્રાઉન્ડ તથા અન્ય મજલાઓ માટે કુલ બિલ્ટઅપ માટે રૂપિયા ૨૦૦૦ની ઉચ્ચક ફી લેવાશે.

જ્યારે ૫૦ ચો.મી.થી વધુ અને ૧૦૦ ચો.મી. સુધીના ગ્રાઉન્ડ તથા અન્ય મજલાઓ માટે કુલ બિલ્ટઅપ માટે ઉચ્ચક ફી રૂપિયા ૪૦૦૦ લેવાશે. ૧૦૦ ચો.મી.થી વધુ અને ૨૦૦ ચો.મી. સુધીના ગ્રાઉન્ડ તથા અન્ય મજલાઓ માટે કુલ બિલ્ટઅપ માટે ઉચ્ચક ફી રૂપિયા ૮૦૦૦ નક્કી કરવામાં આવી છે.

તથા ૨૦૦થી ૩૦૦ ચો.મી.ના બિલ્ટઅપ માટે રૂપિયા ૧૨૦૦૦ ઉચ્ચક ફી લેવામાં આવશે. જ્યારે હેતુફેર વાણિજ્ય વિસ્તાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ માટે ઉપરોક્ત દર બમણા રહેશે.

# રિક્ષાની અડફેટે બાઈક પર સવાર વૃદ્ધાનું કરૂણ મોત

### વૃદ્ધ માતાને બાઈક પર બેસાડી પુત્ર હોસ્પિટલ લઈ જઈ રહ્યો હતો ત્યારે ચિલોડા-આલમપુર રોડ પર બનેલો બનાવ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના ચિલોડા ગામમાં રહેતા ૭૦ વર્ષિય વૃદ્ધ માતાને પુત્ર બાઈક પર બેસાડી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ બિમારીનું નિદાન કરાવવા લઈ જઈ રહ્યો હતો તે દરમ્યાન ચિલોડા-આલમપુર રોડ પર રિક્ષાચાલકે પુરઝડપે બાઈકને ટક્કર મારતાં બાઈક પર સવાર વૃદ્ધ માતા ગંભીર રીતે ઘવાયા હતા. તેમનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરાયા બાદ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. ચિલોડા પોલીસે અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા અજાણ્યા રિક્ષાચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ચિલોડા ગામમાં રહેતા ૭૦ વર્ષિય માતા અમથીબેન મગનભાઈ પટેલ બિમાર હોવાથી સારવાર કરાવવા માટે તેમનો પુત્ર તેમને બાઈક પર બેસાડીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવી રહ્યો હતો. તે દરમ્યાન ચિલોડા-આલમપુર માર્ગ પર પુરપાટ ઝડપે નીકલેલા રિક્ષાચાલકે તેની રિક્ષાથી બાઈકને અડફેટે લેતા અમથીબેન ગંભીર રીતે ઘવાયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાતા તેમની હાલત ગંભીર હોવાથી અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. અકસ્માત બાદ જાણે માનવતા જ મરી પરવારી હોય તેમ રિક્ષાચાલક રિક્ષા સાથે કોઈને કાંઈ ઈજા થઈ છે કે કેમ તે જોયા વગર સ્થળ પરથી ભાગી છુટ્યો હતો. અજાણ્યા રિક્ષાચાલક વિરૂદ્ધ ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરૂ કરી છે.

### મનપાનું અંદાજપત્ર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે આવક વૃદ્ધિની સાથે કરકસર પૂર્ણ વહીવટની કમિશનરશ્રીએ આપેલ ખાત્રીને આવકારી હતી.

ભાજપના શ્રી કાર્તિક પટેલે ચર્ચામાં ભાગ લેતાં સ્ટેન્ડીંગ કમિટીએ તૈયાર કરેલ બજેટમાં કમિટીના સભ્યોની અજ્ઞાનતા હોવાનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે સફાઈ માટે એસ.એમ.એસ. સેવા શરૂ કરવાની વાતો કરનારાઓએ આ બજેટમાં તે મુદ્દે મૌન સેવ્યુ છે. શિક્ષણ સહિત ઘણી બધી સેવાઓ સરકારે ફાળવી નથી છતાં જોગવાઈ કરી અજ્ઞાનતાઓ છતી કરી છે. તેમણે સફાઈની કામગીરીને અસરકારક બનાવવા માંગ કરી હતી.

ભાજપના શ્રી આશિષ દવેએ ચર્ચામાં ભાગ લેતાં ફાયર બ્રિગેડના સુદઢીકરણની સાથે ફાયર બ્રિગેડની ઝોનલ કચેરી શરૂ કરવા માટે માંગ કરી હતી. તેમણે ઈ.ગર્વન્સ પ્રોજેક્ટ હેઠળ વડી કચેરી અને વોર્ડ કચેરીના કનેક્ટીવીટી માટે પણ સૂચન કર્યું હતું.

શ્રી દવેએ અર્બન હેલ્થ સેન્ટરોમાં ૨૪X૭ની સેવા શરૂ કરવા અને મફત પ્રસુતિની સુવિધા આપવા સૂચવ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે રેનબસેરા પ્રોજેક્ટ એ છેવાડાના માનવી માટે સુવિધા આપનારૂ બની રહેશે તેમ જણાવ્યું હતું.

તેમણે કેપેસીટી બિલ્ડીંગ અને એકાઉન્ટ રિફોર્મીંગની પ્રક્રિયાને આવકારી હતી. શ્રી દવેએ સફાઈની કામગીરીને લઈ આ વ્યવસ્થાનું માળખુ પુનઃ ગોઠવવા માટેની માંગ કરી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન વોર્ડવાર બેઠકો યોજવાની આપેલી ખાત્રીનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

ભાજપના જ શ્રીમતિ પરાગી પંડ્યાએ ચર્ચામાં ભાગ લેતાં પ્રોપર્ટી ટેક્ષમાં રિસર્વે માટે કરાયેલી જોગવાઈ અંગે વિરોધ કરી જણાવ્યું હતું કે આ કામગીરીમાં ભૂલો કરનાર એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરી અને પુનઃ કામગીરી કરાવવી જોઈએ. શ્રીમતિ પરાગી પંડ્યાએ ફાયરબ્રિગેડના સુદઢીકરણ માટે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર જે બધાજ સાધનો પુરા પાડે છે તેની સાથે પરામર્શ કરી અને જોગવાઈ કરવાનો આગ્રહ કર્યો હતો.

શ્રીમતી પંડ્યાએ બજેટમાં ગાંધીનગરના સ્થાપના દિનની ઉજવણી માટે કાઉન્સીલરોને વિશેષ ફંડ આપવાની પણ હિમાયત કરી હતી.

ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે ચર્ચામાં ભાગ લઈ સ્ટેન્ડીંગ કમિટીએ કરેલી જોગવાઈઓ વિચાર્યા વગર કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમજ ખરીદીમાં જ વિશેષ રસ દાખવી કટકી કરવાનો ઈરાદો સ્ટેન્ડીંગ કમિટીનો છતો થતો હોવાનું જણાવ્યું હતું.

કોંગ્રેસના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા સત્તા સોંપણી થઈ નથી ત્યારે મેયર માટે રૂ. બે કરોડની ફાળવણી કરી કમિશનરશ્રી કયો સંદેશ આપવા માગતા હતા તે સમજાતુ ન હોવાથી સ્થાયી સમિતિએ તેમાં કાપ મુક્યો છે.

શ્રી વિંઝુડાએ સરકાર દ્વારા સત્તા સોંપણી મુદ્દે સેવવામાં આવી રહેલા મૌન અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ભાજપના સભ્યોને વળતો જવાબ આપતાં જણાવ્યું હતું કે શિક્ષણમાં પૂરક સેવાઓ માટે જોગવાઈ કરી છે એટલુ જ નહિ શિક્ષણની સેવાઓ સોંપાય તો તેને પહોંચી વળવા માટે જોગવાઈ કરવામાં આવી છે. આમ સ્ટેન્ડીંગ કમિટીએ આગોતરા આયોજનો સાથે પ્રજાને સારો વહીવટ આપવાનો સંકલ્પ કર્યો હોવાનું જણાવ્યું હતું.

ચર્ચાને અંતે મેયરે ભાજપની મળેલ સુધારા દરખાસ્ત રજુ કરી અને સર્વાનુમતે મંજૂર કરવા જણાવ્યું હતું પરંતુ કોંગ્રેસ પક્ષે મતદાન માંગતા ૧૭ વિરૂદ્ધ ૧૫ મતે સુધારા દરખાસ્ત પસાર કરવામાં આવી હોવાની જાહેરાત સાથે બેઠક પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.

### દરખાસ્તમાં શું શું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દરખાસ્તમાં જેમાં કાપ મુકવામાં આવ્યો છે તેમાં સમાધિ લેનાર સમાજ માટે સમાધિ ધામમાં રૂ. ૧૦ લાખ તેમજ રંગમંચ રિનોવેશન માટે રૂ. ૧ કરોડનો કાપ અને નવીન સીટી કન્વેન્શન સેન્ટર માટે રૂ. ૨૫ લાખનો કાપ મુકવામાં આવ્યો છે.

આ ઉપરાંત મેયરશ્રીની ડિસ્ટ્રીશનરી ગ્રાન્ટમાં રૂ. ૩ લાખનો વધારો રેવન્યુ ખર્ચ હેઠળ મુકવામાં આવ્યો છે.

આજે સામાન્ય સભાએ સ્થાયી સમિતિએ રજુ કરેલા ૩૬.૬૧ કરોડના બજેટમાં રૂ. ૭૧ લાખના વધારા સાથે રૂ. ૩૭.૩૨ કરોડના અંદાજપત્રને બહાલી આપવામાં આવી છે.

આજે સામાન્ય સભામાં સુધારા દરખાસ્ત પર કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિઝુંડાએ મતદાન માંગતા ૧૭ વિરૂધ્ધ ૧૫ મતે સુધારા દરખાસ્ત પસાર કરવામાં આવી હતી.

# કઈ તાલુકા પંચાયતમાં કયા પક્ષને કેટલી બેઠક મળી

બે જિલ્લા પંચાયતો અને ૧૫ તાલુકા પંચાયતોના આજે જાહેર થયેલા પરિણામોમાં કયા પક્ષને કેટલી બેઠકો મળી તે આ પ્રમાણે છે.

| જિલ્લા પંચાયત | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ | |
|---|---|---|---|---|---|
| ખેડા | ૪૧ | ૧૮ | ૨૨ | ૧ | |
| બનાસકાંઠા | ૫૫ | ૨૬ | ૨૮ | - | એક બેઠક ખાલી રહી છે |

| તાલુકા પંચાયત | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ | વિજેતા પક્ષ |
|---|---|---|---|---|---|
| કઠલાલ | ૨૧ | ૧૫ | ૬ | - | ભાજપ |
| કપડવંજ | ૨૩ | ૧૦ | ૧૨ | ૧ | કોંગ્રેસ |
| ડીસા | ૩૭ | ૧૯ | ૧૭ | ૧ | ભાજપ |
| પાલનપુર | ૨૯ | ૨૦ | ૯ | - | ભાજપ |
| કાંકરેજ | ૨૫ | ૧૭ | ૮ | - | ભાજપ |
| થરાદ | ૨૭ | ૧૯ | ૭ | ૧ | ભાજપ |
| દિયોદર | ૧૯ | ૧૨ | ૭ | - | ભાજપ |
| ભાભર | ૧૫ | ૮ | ૫ | ૧ | ભાજપ |
| દાંતીવાડા | ૧૫ | ૭ | ૭ | ૧ | ત્રીશંકુ |
| વડગામ | ૨૫ | ૭ | ૧૮ | - | કોંગ્રેસ |
| ધાનેરા | ૨૧ | ૭ | ૧૪ | - | કોંગ્રેસ |
| દાંતા | ૨૧ | ૮ | ૧૨ | ૧ | કોંગ્રેસ |
| અમીરગઢ | ૧૭ | ૬ | ૧૧ | - | કોંગ્રેસ |
| વાવ | ૨૩ | ૧૪ | ૯ | - | ભાજપ |
| ગાંધીનગર | ૩૧ | ૧૮ | ૧૨ | ૧ | ભાજપ |
| કુલ | ૩૪૯ | ૧૮૭ | ૧૫૪ | ૭ | |

### વેપારીઓનું આગમન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજાયેલી ૪૦ કિ.મી.ની રેસમાં વિજેતા બન્યો હતો. તેમજ અન્ય કેસર નામનો અશ્વ ૮૦ કિ.મી. રેસમાં ભાગ લેવાની છે. તેમની પાસેનો મુરેન નામનો અશ્વ લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેમની સાથે આવેલા તેમના સાથીદારો રેસના અશ્વોને આરામ આપી માવજત કરી રહ્યા છે. અને રેસ માટે પોતાના અશ્વોને દોડાવી રહ્યા છે.

## શબ્દાવલી - ૪૯૮૪



### આડી ચાવી

૧. રાવ, શિકાયત (૪)
૪. યોગ્ય (૩)
૬. ધોરણ, વર્ગ (૨)
૭. ... બેંબેં કરે (૩)
૯. રોકાણ કરવું, ... નાખવો (૩)
૧૦. બોલવા-ચાલવાની ખાસ રીત (૨)
૧૧. જંગલ, વગડો (૨)
૧૨. અમીર, એ જાતિનો માણસ (૨)
૧૩. તમારે હવે અહીંથી કયારે... છે (૨)
૧૫. બીક (૨)
૧૭. .... સંપાદક કરે (૪)
૨૦. ખાસ નોંધ (૩)
૨૨. વહેતું ના હોય તેવું (૪)
૨૩. નશો કરવાની મનાઈ (૪)

### ઊભી ચાવી

૧. ઠનઠન ગોપાલ (૭)
૨. ઓટો, ત્રિ-ચક્રી વાહન (૩)
૩. ધમકાવવું (૫)
૪. રેંકડી (૨)
૫. દેવાદાર (૪)
૮. કાવ્ય, કવિતા (૩)
૧૦. અમૃત (૨)
૧૪. ચિંતા, વ્યાધિ (૩)
૧૬. ચિંતા, વ્યાધિ (૩)
૧૭. સંબંધમાં કંઈ થતા હોય તે (૩)
૧૮. માયા-કૃપા (૨)
૧૯. હર... અપના કરેંગે અય વતન તેરે લિયે... (૩)
૨૧. 'શાર્ક' શબ્દ ઊંધો (૨)

### શબ્દાવલી ૪૯૮૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરેશાન (૪) નકુચો (૭) રેશમ (૮) ચાંપાનેર (૯) કફન (૧૨) ફકીર (૧૫) ચણ (૧૬) હેમાળો (૧૭) બબડાટ (૧૯) રાણક (૨૦) પારાયણ (૨૨) લાટ સાહેબ

**ઊભી ચાવી :-** (૧) પરેડ (૨) રેશ (૩) શામક (૪) નપા (૫) કુનેહ (૬) ચોર (૮) ચાંનકી (૧૦) ફફડાટ (૧૧) કણબણ (૧૩) રહેમ રાહે (૧૪) પળોજણ (૧૫) ચબરાક (૧૮) ડાકલા (૨૦) પાસા (૨૧) યબ

### પૈડા થંભી ગયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિગમના હજારો કર્મચારીઓ પણ આ માસ સી.એલ.ની હડતાળમાં જોડાશે. એસ.ટી. નિગમને બજારભાવે ડિઝલ આપવા, ફિકસ પગાર દસ હજાર કરવા, દિવાળી બોનસ મોંઘવારી મુજબ પેન્શનની રકમ વધારવા, વારસદારોને નોકરી આપવા ઉપરાંત છઠ્ઠા પગારપંચની વિસંગતતા દૂર કરવા સહિતના પડતર પ્રશ્નો ઉકેલવાની પ્રબળ માંગણી સાથે એસ.ટી. નિગમના કર્મચારીઓએ માસ સી.એલ.ના કાર્યક્રમમાં જોડાવવાનું નક્કી કર્યું હતું. જયારે મંગળવાર રાત્રિના ૧૨ કલાકથી નિગમના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા ગાંધીનગર ડેપોની ૧૦૦ ઉપરાંત જિલ્લાની ૧૫૦૦ જેટલી એસ.ટી. બસોના મોડી રાતથી પૈડા થંભી ગયા છે. જેના પરિણામે બુધવારે કર્મચારીઓની પોઈન્ટની બસ સેવા પણ બંધ રહેશે. જયારે એસ.ટી. બસમાં રોજબરોજ અપડાઉનકર્તા જિલ્લાના ૨૦ હજારથી વધુ મુસાફરોને બસ સુવિધા મળશે નહીં. જિલ્લાના ચારેય ડેપોએ લાખોની આવક ગુમાવવી પડશે. અમદાવાદ-ગાંધીનગર રૂટમાં અપડાઉન કરતા નોકરીયાતો ઉપરાંત વિદ્યાર્થીઓએ પણ હાલાકી ભોગવવી પડશે. એક દિવસીય હડતાળના અંતે પણ પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો એસ.ટી. નિગમના કર્મચારીઓએ અચોકકસ મુદતની હડતાળ પર ઉતરી જવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

### કેસરીયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપે શાહપુર, ખોરજ, રૂપાલ, ઝુંડાલની બેઠકો પર કોંગ્રેસને પરાજય આપી વિજયકુચને વધુ દૈદિપ્યમાન બનાવી હતી. દોલારાણા વાસણાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારને અપક્ષ ઉમેદવાર કરતાં પણ ઓછા મત મળ્યા હતા.

આજની આ મતગણતરીમાં રાંધેજા-૨ની બેઠક પર અપક્ષ ઉમેદવારે મેદાન મારતાં રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. ૧૨ અપક્ષ ઉમેદવારો પૈકી એક જ ઉમેદવાર વિજયી જાહેર થવા પામેલ છે.

કોંગ્રેસે સાદરા, વડોદરા અને વાવોલની પરંપરાગત બેઠકો જાળવી તેની બેઠકોનો આંક ૧૨ સુધી પહોંચાડયો હતો.

આજની મતગણતરીમાં કુડાસણ ઈસનપુર મોટા તેમજ શેરથા અને ઉનાવાની બેઠકો મેળવી વિજયને મજબુતી બક્ષી હતી.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ સીટની મત ગણતરી અને પરિણામ આજે શહેરના સે-૧૬ ખાતે આવેલી મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં ઉમેદવારોના ટેકેદારો મોટી સંખ્યામાં આવ્યા હતા.

તાલુકા પંચાયતની સીટનું મતગણતરી બાદ પરિણામ આવતા ટેકેદારો ખુશખુશાલ થઈ ગુલાલની છોળો ઉડાડતા નજરે પડયા હતા અને વિજેતા ઉમેદવારોને હાર પહેરાવી શુભેચ્છાઓ આપતા હતા. અમુક ઉમેદવારો ઢોલ, નગારા અને ખુલ્લી જીપ સાથે આવ્યા હતા અને પરિણામ બાદ ફટાકડા ફોડી વિજય મનાવ્યો હતો.

**ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર**

**સીવીલ કામોના માલસામાન-વ-મજુરી કામ અંગેના ટેન્ડર ભાવોની જાહેરાત**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર તળેના પાર્ક વૉર્ડન ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગ ખાતેની કચેરી હસ્તકના જુદા જુદા સીવીલ બાંધકામો માટે, નીચે સૂચવ્યા પ્રમાણેના 'માલસામાનના ઉત્પાદકો અને વિક્રેતાઓ તથા બાંધકામ લગત મજુરી કામના કારીગરો / ઠેકેદારો / મંડળીઓ જોગ જાહેર રૂએ નિવિદા છે કે, જે કોઈ ઈસમો / પેઢીઓ / અન્ય નીચે જણાવ્યા મુજબની ચીજ - વસ્તુઓ જથ્થાત્મક રૂએ પૂરી પાડવા / મજુરી કામ લેવા ઈચ્છા ધરાવતા હોય તેવાશ્રીઓએ, આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ની મર્યાદામાં કચેરી કામકાજ સમયમાં નીચે જણાવ્યા મુજબની કચેરીએ પાનકાર્ડ સાથે અરજી કર્યેથી દરેક વસ્તુદીઠ કોરા ટેન્ડર કોપી રૂ. ૫૦/- રોકડા ભર્યેથી મેળવી લઈ, તદાનુસાર ટેન્ડરમાં દર્શાવેલ વસ્તુ વિગત પ્રમાણે શરતો - જોગવાઈઓ મુજબ ટેન્ડર ભાવો ભરી, કવર પર 'બાંધકામ .......... ભાવો' લખી, બંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૨ સુધીમાં આર.પી.એ.ડી.થી અત્રેની કચેરીએ મળી જાય તે રૂએ મોકલી આપવાના રહેશે. આ બાબતે કોઈ પૂછપરછ-વ-જાણકારી નીચેના સરનામે સંપર્ક કર્યેથી મેળવી શકાશે.

૧. સીવીલ કામોના ચણતર /પ્લાસ્ટર/RCC વગેરે લગતના મજુરીના ભાવો
૨. ૫૩ ગ્રેડનો ISI સ્ટાન્ડર્ડ કંપનીની સીમેન્ટ બેગ્સ
૩. જુદી જુદી સાઈઝ-ગેજના ISI માર્કાના ટી.એમ.ટી. સળીયા
૪. બામધકામના ચણતર-પ્લાસ્ટર માટે નદીની દાણાદાર રેતી
૫. સ્ટાન્ડર્ડ સાઈઝની માટીની ઈંટો (Bricks)
૬. જુદી જુદી સાઈઝની ગ્રીટ અને કપચી

પાર્ક વોર્ડન
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

ફોન : ૨૩૨-૨૦૫૬૦/૨૧૩૮૫
તા. ૧૯/૨/૨૦૧૩